## ॥ ૐ શ્રી સાઈરામ ॥

## ॥ ૐ શ્રી સાઈ દ્વારકામાઈવાસિને નમ: ॥ (૩ ૨)

## શિરડીના દ્વારકામાઇમાં વાસ કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

શિરડી અવતારમાં જે ભાંગેલી મસ્જિદમાં સાઈએ વસવાટ કર્યો તે વિશે તે કહે છે –

દ્વારકામાઈ એ જ આપણી દ્વારકા માતા. આ મસ્જિદની શરણે જે આવ્યા તે બાળકોને નિર્ભયતા, ચિંતાનું કારણ જ શું? જ્યારે કૃપાળુ મસ્જિદ માઇ ભોળા ભાવિકોની માતા ગમે તેવા સંકટકાળે રક્ષણ કરતી હોય. આ મસ્જિદ ભક્તોની જનની. “ એકવાર તેને શરણે જે આવ્યો તેનો બેડો પાર થયો. છાંયડામાં તેના, જેણે લીધો વિસામો, તે સુખાસને આરૂઢ થયો.” આ જે આપણી દ્વારકામાતા.

દ્વારકા એનો એક અર્થ છે જેના ચારે દ્વારોમાંથી ચારેય જાતિને મુક્ત પ્રવેશ મળતો. ચારે પ્રકારના ભક્તોને ચતુર્વિધ કૃપા પ્રસાદ મળતો.

શિરડી સાઈનાથે બુટીના વાડામાં શ્રીકૃષ્ણ મંદિર બાંધવાનું સૂચવ્યું હતું. જે હવે સમાધિ મંદિર બન્યું છે.

તેમના બીજા અવતારમાં સાઈએ નવી દ્વારકા વસાવી, તે એટલે પ્રશાંતિ નિલયમ્. અહીંયાં સમસ્ત જાતિ, ધર્મ અને પંથના વ્યક્તિઓનું સ્વાગત થાય છે. અહીંયાં આર્ત, અર્થાથ, જિજ્ઞાસુ અને જ્ઞાની એવા ચાર પ્રકારના ભક્તોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ દ્વારકામાઈ પ્રમાણે જ થાય છે.

મુંબઈના શ્રી. શામ જુવળે નામના સાઈભક્તની આ એક કથા. તેમણે એક પુસ્તક લખ્યું, જેને સ્વામીના આશીર્વાદ મળ્યા હતા. તે જ અરસામાં શિરડી અવતાર સમાપ્તિને ૮૦ વર્ષ પૂર્ણ થયાના નિમિત્તે થનારા ઉત્સવમાં શામભાઈ આ પુસ્તક લઈ શિરડી આવ્યા. જ્યારે તે સમાધિ સમીપ (નજીક) પહોંચ્યા, ત્યારે અચાનક સમાધિ મંદિરની લાઈટ જતી રહી અને સર્વત્ર અંધારું દીવા ચાલુ હતા. દીવાના મંદ પ્રકાશમાં શ્રી. સાઈનાથની મૂર્તિ અત્યંત તેજસ્વી દેખાતી હતી.

એટલામાં જ એક અદ્ભુત ઘટના ઘટી, તે સમાધિની પાછળ " શ્રી સત્યસાઈબાબા' મંદ સ્મિત કરતા ઊભા હોવાનું શામભાઈને દેખાયું. તેમની આંખોમાંથી આંનદાશ્રુ વહેવા લાગ્યા. શામભાઈએ સમાધિ પર મસ્તક મૂક્યું, એટલામાં જ લાઈટ પાછી આવી ગઈ.

શિરડીસાઈની દ્વારકામાઈ પાસે પર્તિસાઈકૃષ્ણનું દર્શન એક સદ્ભક્તને થયું.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||